વધારે કમાણી કરો

કારકિર્દી બદલો

# ગ્રાહકો પ્રત્યે નેક્સ્ટસ્ટેપની વચનબદ્ધતા

જીવનમાંથી વધુ મેળવો

નવી આવડતો વિકસાવો

કશુંક નવું શીખો

## તમને અમારું વચન

nextstep
advice on learning and work

# અનુક્રમણિકા


**'નેક્સ્ટસ્ટેપ' શું છે?** ....................................................3

**અમારું લક્ષ્ય** ....................................................4

**તમારા પ્રત્યે અમારી જવાબદારીઓ** ....................................5

કઈ માહિતી મળી શકે છે? ....................................5

કઈ સલાહ મળી શકે છે? ....................................6

**તમે અમારી સેવાઓ કેવી રીતે મેળવી શકો?** ..........................7

**વધારે માહિતીની જરૂર છે?** ....................................8

## ‘નેક્સ્ટસ્ટેપ’ શું છે?

‘નેક્સ્ટસ્ટેપ સર્વિસ’ની રચના 20 વર્ષ અને તેથી વધારે ઉંમરનાં બધાં જ પુખ્ત વયનાં લોકો માટે શીખવા અને કામ કરવાનું મૂલ્ય વધારવા માટે કરવામાં આવી છે.

જો તમે નોકરી મેળવવાની તમારી સંભાવનાઓ કે આવડતો સુધારવા માગતાં હો, કોઈ લાયકાત મેળવવા માગતાં હો અથવા ફક્ત તમારી નોકરીમાં વધારે સફળ થવા માગતાં હો, તો તેમાં તમારી મદદ માટે આ સેવાઓ બનાવવામાં આવી છે. ‘નેક્સ્ટસ્ટેપ’ની સેવાઓ સમગ્ર ઇંગ્લેન્ડમાં મળી શકે છે.

તમે ‘નેક્સ્ટસ્ટેપ’ની માહિતી અને સલાહ આપતી સેવા પાસેથી જે કક્ષાની સેવાની અપેક્ષા રાખી શકો તે આ દસ્તાવેજ તમને જણાવે છે. અમારી સેવામાં અમે બીજા સુધારા કેવી રીતે કરી શકીએ તે વિશેનાં તમારાં મંતવ્યોને અમે આવકારીએ છીએ. તમે તમારી સ્થાનિક ‘નેક્સ્ટસ્ટેપ સર્વિસ’ મારફતે અમારો સંપર્ક કરી શકો છો – તમારી સ્થાનિક સેવાની વિગતો માટે અમારી વેબસાઈટ www.nextstep.org.uk જુઓ.

આ દસ્તાવેજની નકલો તમે અંગ્રેજી, અરેબિક, બંગાળી, ચાઈનીઝ, હિન્દી, પંજાબી, સોમાલી, ઉર્દૂ અને વિએટનામીઝ ભાષાઓમાં મંગાવી શકો છો. તમે આ દસ્તાવેજની નકલો બ્રેઈલમાં અને ઓડિયો કેસેટ ઉપર પણ મંગાવી શકો છો.

પંજાબી, બંગાળી અને સિલહેટી ભાષા બોલનારાં લોકો નીચેના નંબરો પર learndirect લર્નડાઈરેક્ટનો સંપર્ક પણ કરી શકે:
08000 931 333 **પંજાબી;**
08000 931 444 **બંગાળી;**
08000 931 555 **સિલહેટી.**

‘નેક્સ્ટસ્ટેપ’ સર્વિસ વિશેના તમારા પ્રશ્નોના જવાબ learndirect લર્નડાઈરેક્ટ તમને આપશે.

# અમારું લક્ષ્ય

શીખવા અને કામ કરવા વિશેની માહિતી અને સલાહ કેવી રીતે મેળવવી તમને તમારી સ્થાનિક 'નેક્સ્ટસ્ટેપ સર્વિસ' સમજાવશે.

તમે ઇંગ્લેન્ડમાં ગમે ત્યાં હો, તમને જે સેવા મળશે તે એક જ સરખી ઊચ્ચ ગુણવત્તાની હશે.

અમારું લક્ષ્ય છેઃ

1 તમને અમારા સુધી પહોંચવામાં સરળતા હોય અને તમને અમારી હાજરી દેખાય;
2 વ્યવસાયિક અને જાણકાર રહેવું;
3 અમારી બધી જ સેવાઓ વચ્ચે અસરકારક જોડાણો રાખવાં;
4 અમારી સેવાઓ તમારી જરૂરતોને લક્ષ્યાંક બનાવવી;
5 જુદા જુદા પ્રકારની સેવાઓ પૂરી પાડીને તમારી બધી જ જરૂરતોને લક્ષ્યાંક બનાવવી;
6 તમને માહિતીસભર નિર્ણયો લેવામાં મદદ કરવા માટે નિષ્પક્ષ હોય તેવી માહિતી અને સલાહ આપવી;
7 અમે આપીએ તે સેવાઓ તમારી હાલની અને ભવિષ્યની જરૂરતો અનુસારની રાખવી;
8 મળતાવડા અને આવકારદાયક રહેવું;
9 તમને શીખવા માટે પ્રોત્સાહન અને ટેકો આપવો;
10 તમને ઉપયોગી હોય તેવી બધી જ મળી શકતી સેવાઓ વિશે તમને વાકેફ કરવાં.

# તમારા પ્રત્યે અમારી જવાબદારીઓ

## કઈ માહિતી મળી શકે છે?

અમે તમને આ આપી શકીએ છીએ:

- છાપેલી માહિતી, જેમ કે પત્રિકાઓ;
- સાંભળવા-જોવાની સામગ્રી, જેમ કે વિડિયો કેસેટો;
- સીડી-રોમ ઉપર અથવા ઈન્ટરનેટ મારફતે માહિતી; અને
- રૂબરૂ મુલાકાતો અથવા ટેલિફોન હેલ્પલાઈનો મારફતે મૌખિક માહિતી.

અમે તમને નીચેના વિશે માહિતી આપી શકીએ છીએ:

- વધારે માહિતી કેવી રીતે અને ક્યાંથી મેળવવી;
- સ્થાનિક રીતે મળી શકતી શીખવાની અને કામ માટેની તકો;
- આગળ વધવા માટેના વ્યવહારિક ઉપાયો, જેમ કે નોકરીઓ માટે અરજી કેવી રીતે કરવી અને કારકિર્દીનું આયોજન કેવી રીતે કરવું; અને
- બેનિફિટો, વાહન વ્યવસ્થા અને શીખવા તથા કામ કરવા માટેની મફત સેવાઓ વિશેની માહિતી મેળવવા માટે હવે પછી ક્યાં જવું.

## કઈ સલાહ મળી શકે છે?

અમારી સલાહની સેવાઓ તમારી ખાસ જરૂરતો અનુસાર બનાવવામાં આવેલી હશે.

અમે આ કરીશું (લાયક બનતાં હશો તો):

- તમને વ્યક્તિગત માહિતી આપવી, જેમાં તમને કદાચ બીજી સેવાઓ પાસે જવાની ભલામણ કરવામાં આવી શકે;
- નિર્ણયો લેવાનાં સાધનોનો ઉપયોગ કરવામાં તમારી મદદ કરવી;
- તમારા અંગત રસ અને આવડતોને તમારી પોતાની નોકરી કે કારકિર્દીની જરૂરતો સાથે જોડવામાં તમારી મદદ કરવી;
- તમને કદાચ જરૂર હોય તેવી પાયાની આવડતો ઓળખવી અને અક્ષરજ્ઞાન, ભાષા અને અંકજ્ઞાનમાં પાયાની આવડતો મેળવવામાં તમારી મદદ કરવા માટે તમને બીજાં સ્થાનોમાં જવાની ભલામણ કરવી;
- નોકરીના બજાર વિશેની માહિતી સમજવામાં તમારી મદદ કરવી;
- મળી શકતી નાણાકીય સહાય, જેમ કે 'એડલ્ટ લર્નિંગ ગ્રાન્ટ' વિશે તમને સલાહ આપવી;
- કામેથી છૂટા કરવામાં આવ્યાં હોય તે દરમ્યાન તમને મળી શકતી સેવાઓ વિશે, તે કેવી રીતે મેળવવી અને ક્યાં જવું તેના સહિતની તમને મૂળભૂત સલાહ આપવી;
- નોકરીઓ શોધવા અને તેમના માટે અરજી કરવાના રસ્તા, જેમ કે સી.વી. લખવું અને ઈન્ટરવ્યૂની આવડતો વિશે તમને સલાહ આપવી;
- કારકિર્દીમાં આગળ પ્રગતિ કરવા માટેના રસ્તા વિશે તમને સલાહ આપવી; અને
- શું મળી શકે છે અને શું નહિ તે વિશે તમને સલાહ આપવી અને વિકલ્પો વિશે ચર્ચા કરવી.

# તમે અમારી સેવાઓ કેવી રીતે મેળવી શકો?

તમે અનેક રીતે 'નેક્સ્ટસ્ટેપ સર્વિસ' મેળવી શકો છો:

તમે:

- દિવસના 24 કલાક અમારી વેબસાઈટ www.nextstep.org.uk જોઈ શકો છો;
- અઠવાડિયાના પાંચ દિવસ ખુલ્લા રહેતા તમારા સ્થાનિક 'નેક્સ્ટસ્ટેપ' સેન્ટરમાં જઈ શકો છો; અને
- કામના સામાન્ય કલાકો સિવાયના સમયે સલાહ મેળવવા માટે અપોઈન્ટમેન્ટ લઈ શકો છો.

અમે વચન આપીએ છીએ કે:

- માહિતી માટે તમે વિનંતી કર્યાના 24 કલાકની અંદર તમારો સંપર્ક કરીશું. આ ટેક્સ્ટ મેસેજ તરીકે, ફોન કોલ અથવા ઈ-મેઈલ મારફતે કે રૂબરૂમાં હોઈ શકે;
- જો તમને બીજી વધારે માહિતી અને સલાહ માટે બીજે ક્યાંય જવાનું માર્ગદર્શન આપવાની જરૂર હશે, તો તે અમે તમારી અસલ પૂછપરછ કર્યાના 24 કલાકની અંદર કરીશું;
- જો તમને મદદ કરવા માટે અમારે બીજે ક્યાંકથી માહિતી જાણવાની જરૂર હશે, તો તે અમે કામના ત્રણ દિવસની અંદર તમને કહીશું; અને
- તમારી વિનંતી મળ્યાના કામના પાંચ દિવસની અંદર તમને સલાહ મેળવવા માટે આવવાની અપોઈન્ટમેન્ટ આપીશું.

## તમને જોઈતી સેવા તમને આપવી

જો તમને કોઈ અસમર્થતા કે સાંભળવાની તકલીફ હોય જેના લીધે અમારી સેવાઓનો જે રીતે તમે ઉપયોગ કરો છો તેના ઉપર અસર થતી હોય, તો તમને મદદ કરવા માટે કયો માર્ગ શ્રેષ્ઠ રહેશે તેની અમે ચર્ચા કરીશું.

## વધારે માહિતીની જરૂર છે?

અમારી વેબસાઈટ www.nextstep.org.uk જુઓ

અથવા અમારો સંપર્ક કરો:

IAG contact details

Funded by:

>lsc
Leading learning and skills

FOI_[Insert local reference number]
Gujarati